

હે ભોળાનાથ, આખો શ્રાવણ મહિનો ઉપવાસ કર્યા ને તેની ઉપર વળી આ પુરૂષોત્તમ માસ ! ઉપવાસમાં ક્યાંક ચૂક થાય તો દયાભાવના રાખી ક્ષમા કરજો પ્રભુ !

# ગાંધીનગરમાં ૬૬મા સ્વાતંત્ર્ય દિનની ધ્વજવંદન સાથે ઉજવણી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં ૬૬ સ્વાતંત્ર્ય દિનની ધ્વજવંદન કરી, દેશભક્તિ ગીતો અને કાર્યક્રમો યોજીને સુંદર રીતે ઉજવણી કરવામાં આવી હતી.

**● ઓમકાર પાન પેલેસ સે. ૨૧**

ગાંધીનગરના સેક્ટર-૨૧ના ઓમકાર પાન પેલેસના માલિક ઓમકારસિંગ ઠાકુરે ૬૬મા સ્વાતંત્ર્ય દિનની ધ્વજવંદન કાર્યક્રમ અને દેશભક્તિ ગીતોના સંગીતમય કાર્યક્રમ સાથે ૧૦૦ કિલો જલેબી વહેંચીને કરવામાં આવી હતી. આ પ્રસંગે જુ.સિ.કા. દ્વારા રક્તદાન શિબિર યોજવામાં આવી હતી. ગાંધીનગરના મુસ્લિમ અગ્રણી આઝાદભાઈ મનસુરીએ તેમને મોમેન્ટો આપી તેમની દેશભક્તિને બિરદાવી હતી. તેમની સાથે મુસ્લિમ અગ્રણી બાબુભાઈ મનસુરી, ભુરાભાઈ મનસુરી, યુસુફભાઈ મનસુરી, લાડબેન તેમજ માઈક્રો શોપીંગ સેન્ટરના પ્રમુખ જિતેન્દ્રસિંહ વાઘેલા, સીતારામ પટેલ, પરેશભાઈ પટેલ, નિશિત વ્યાસ અને ચતુરભાઈ ઠાકોર ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને ફૂલહાર કરી ધ્વજવંદન કર્યુ હતુ. પ્રજાજનોને આ પ્રસંગે ચોખ્ખા ઘી ની ૧૦૦ કિલો ઝલેબી વહેંચીને પ્રજાસત્તાક પર્વ મનાવવામાં આવ્યું હતું.

**● માનવ સ્મૃતિ - માનસિક વિશિષ્ટ બાળકોની શાળા**

સ્મૃતિ વિકાસ ટ્રસ્ટ સંચાલિત માનવ સ્મૃતિ માનસિક વિશિષ્ટ બાળકોની શાળામાં ૬૬મા સ્વાતંત્ર્ય દિનની હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. મેનેજીંગ ટ્રસ્ટી મુકેશભાઈ પટેલ, સંચાલક ભાવેશભાઈ પટેલ, સલાહકાર સોમાભાઈ પટેલ, છત્રસિંહ ચાવડા આમંત્રિત મહેમાનોમાં ડૉ. ભરવાડભાઈ



અને હિતેશભાઈની ઉપસ્થિતિમાં યુવા કોર્પોરેટર હર્ષજીત પંડ્યાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રંગોલી સજાવટ કરવામાં આવી હતી. શિક્ષકગણે વક્તવ્યો રજૂ કર્યા હતા. દેશભક્તિના ગીતો તેમજ નારાથી સમગ્ર વાતાવરણ ગૂંજી ઉઠ્યું હતું. બાળકોએ દેશભક્તિના ગીતો સાથે ડાન્સ કર્યો હતો.

**● મધુર ડેરી**

મધુર ડેરીના સતત ચોથીવાર વિજયી થયેલા ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા અને નવા ચૂંટાયેલા નિયામક મંડળના સર્વે સભ્યોએ મધુર ડેરી ખાતે રાષ્ટ્રધ્વજ ફરકાવી, ધ્વજવંદન અને રાષ્ટ્રવંદન કર્યા હતા. નિયામક મંડળના સભ્ય જીલુસિંહ વાઘેલા, મેનેજીંગ ડિરેક્ટર રોહિત મહેતા વગેરેએ નવા નિમાયેલા હોદ્દેદારો અને સભ્યોને આવકારી સ્વાતંત્ર્ય દિનની શુભેચ્છા પાઠવી હતી. મધુર ડેરીમાં બહુચર માતાજી મંડળના આગેવાન ભાવનાબેન તથા મંડળના બહેનો દ્વારા આનંદનો ગરબો યોજવામાં આવ્યો હતો.

**● ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ**

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પ્રમુખ એસ.ડી.આર. મલિકના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાર્યકારી પ્રમુખ જયંતભાઈ ભટ્ટે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતું. રમણભાઈ શ્રીમાળી, નિરંજન ઓઝાએ રાષ્ટ્રગીતો તેમજ મૂળજીભાઈ પરમારે સ્વ-રચિત રાષ્ટ્રગીત રજૂ કર્યુ હતુ. સેક્ટર-૨૮માં આવેલી સમર્પણ સંસ્થાની મુક-બધિર શાળાની મુલાકાત લેવાઈ હતી અને નાસ્તા બિસ્કીટનું વિતરણ કર્યુ હતું.

**● ટ્રીનીટી સ્કૂલ, તલોદ**

એકલવ્ય એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ટ્રીનીટી સ્કૂલના પટાંગણમાં ૧૫મી ઓગષ્ટના રોજ સ્વાતંત્ર્ય પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. એડવોકરેટ એન્ડ નોટરી વિઠ્ઠલભાઈ શાહના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. ટ્રસ્ટી આર.એલ. પટેલ, કિરીટભાઈ પટેલ, વસંતભાઈ પટેલ અને આચાર્યએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળી સ્વાતંત્ર્ય દિન મનાવ્યો હતો.

# ઈશ્વરને પ્રાપ્ત કરવા એકાન્ત પ્રિય બનવું પડે



શ્લોક-૨૯

પુષ્પદંતજી સ્તુતિ કરતાં કરતાં ભાવુક થઈ ગયા છે રોમ રોમમાં ભક્તિ ભાવથી પુલકિત થઈ ગયા છે મારી ભગવાનને મસ્તક નમાવ્યા સિવાય બીજુ કઈ સુઝતુ નથી. ભગવાનની મહાનતાને આ બધા નામો વિભૂષિત કરી દે છે.

હે પ્રિયદવ - એટલે કે એકાન્ત નિર્જન સ્થાન (જંગલ)માં વાસ કરનાર વૈરાગ્ય પરિપુરીત મૂર્તિ આપણી નજર સમક્ષ આવી જાયછે. ઈશ્વરને પ્રાપ્ત કરવા એકાન્ત પ્રિય બનવું પડે. શાન્તિથી બેસીને સર્વ વ્યવહાર બંધ કરી નિયમીત ભગવાનનું ભજન કરવું જોઈએ.

ભગવાન સાથેનો સંબંધ નિત્ય છે. ભાઈ-બહેન માતા-પિતાનો સંબંધ તો આ જન્મનો છે. ભગવાને જે શક્તિ, માનવદેહ આપ્યો છે તે જ પ્રભુ પછીના અનેક જન્મોમાં આપશે. એકાન્ત પ્રિય પ્રભુને એકાન્તમાં જ મળી શકાય.

હે ને દિષ્કાય - જે નજીકમાં નજીક છે દરેક સ્થિતિમાં મારી સાથે છે અંર્તયામી છે.

દવિષ્ઠાય :- જે અત્યંત દૂર છે જે વ્યક્તિ બર્હિમુખ છે તેના માટે પ્રભુ અત્યંત દૂર છે. ધનલાલસામાં પડેલા માટે પ્રભુ દૂર છે.

સ્મરહર - કામદેવનું દહન કરનાર છે.

ક્ષોદિષ્ઠાય - અત્યંત સૂક્ષ્મસ્વરૂપ આપ છો.

મહિષ્ઠાય - મહાનમાં મહાન પણ આપ જ છો.

સુક્ષ્મ પરમાત્માને જાણવા બુદ્ધિ પણ સુક્ષ્મ જોઈએ છે. સાથે સાથે શુદ્ધ બુદ્ધિ પણ જોઈએ. શુદ્ધતા અનિવાર્ય છે.

આપ મહાન છો. આપના સમાન કોઈ નથી તો પછી આપનાથી અધિકતો ક્યાંથી હોય. આપના મહાન વ્યાપક સ્વરૂપને નમસ્કાર આ બ્રહ્માંડ પણ આપનામાં રહી સ્થિત છે.

નમો વર્ષિષ્ઠાય :- વૃધ્ધ. આ આદિ જગતના આદિ સ્વરૂપ આપ છો માટે અત્યંત વૃદ્ધ છો. જેટલા બધુ વૃદ્ધ એટલો જ્ઞાનનો ભંડાર પણ વધુ હોય.

યવિષ્ઠાયનમ :- આપના યુવાન સ્વરૂપને પણ નમસ્કાર

નમઃ સર્વસ્યૈ :- સર્વ સ્વરૂપે પ્રભુ આપજ પ્રગટ થયેલા છો.

સારૂ ખરાબ એવા વિભાગ પરમાત્મામાં નથી. બ્રહ્માંડ રૂપ વ્યક્ત થયેલું સ્વરૂપ પુષ્પદંતજીએ બતાવ્યું છે.

વિચારપૂર્વક-ભાવપૂર્વક-શ્રદ્ધાપૂર્વક ચિંતન થાય તો પ્રભુને શરણાગત થવાય ત્યારે બુદ્ધિની સાથે અહંકાર પણ શરણાગત થઈ જાય છે.

શ્લોક - ૩૦

આ શ્લોકમાં પ્રભુના ભવ સ્વરૂપ જે કારણરૂપ છે જેમાંથી સૃષ્ટિની ઉત્પતિ થઈ ઉત્પત્તિ કરવા માટે ઈશ્વર માયાયુક્ત થઈ રજોગુણ પ્રાધાન્યને ધારણ કરે છે. એવા ભવ સ્વરૂપને નમસ્કાર.

સંહાર કરનાર પ્રભુ તમોગુણ પ્રાધાન્ય ધારણ કરી જે ઈશ્વરમૂર્તિ વિશ્વનો સંહાર કરે છે તેવા હરાય ને નમસ્કાર.

જગતના પાલન કરનાર સર્વ જીવોને સુખ પ્રદાન કરવાના આશયથી સત્વગુણ પ્રાધાન્ય ધારણ કરો છો તેવા મૃડાય સ્વરૂપને નમસ્કાર.

આવા આપના બ્રહ્મા-વિષ્ણુ અને મહેશ સ્વરૂપને નમસ્કાર.

આપના પરમ મંગલકારી નિર્ગુણ સ્વરૂપને ચૈતન્ય સ્વરૂપ શિવ સ્વરૂપને નમસ્કાર

ચૈતન્ય સિવાય બધુ અમંગલકર થઈ જાય છે.

પ્રથમ સગુણસાકાર સ્વરૂપને જાણી પછી નિર્ગુણ સ્વરૂપને જાણી શકાય છે. ભક્તિ જ જ્ઞાન વૈરાગ્યની દાતા છે. સર્વત્ર ઈશ્વરને જોતા રહીએ તો અંતરના રાગ-દ્વેષ ઓછા થાય અહંકાર ક્ષીણ થાય અહંકાર કદાપિ સુખ આપતો નથી. ઈશ્વર તરફ દ્દષ્ટિ રહે તો સુખ જ સુખ છે અહંકાર તરફ દ્દષ્ટિ રહે તો દુઃખ જ દુઃખ છે. તમારૂ ધાર્ય ન થાય ત્યારે પણ ઈશ્વર કૃપા સમજાયતો ત્યારે જ તમારા ઈશ્વર દ્દષ્ટિ વધી છે તો જ પ્રભુ સાથેનું એકત્વ આત્મ સાક્ષાત્કાર થાય. ભક્તિ અને જ્ઞાન સાધન-સાધ્ય છે બંને ઈશ્વરના જ સ્વરૂપ છે અને તેની જ કૃપાથી પ્રાપ્ત થાય છે.

શ્લોક-૩૧

પુષ્પદંતજી કહે છે -

આપના સ્વરૂપનુ વર્ણન કરતાં કરતાં મારી બુદ્ધઈ બુઢ્ઢી થઈ ગઈ છે અને ઉત્સાહપણ મંદ પડી ગયો હતો ત્યારે ભક્તિએ મારામાં ઉત્સાહની પ્રેરણા ભરી દીધી અને આજ ભક્તિએ શબ્દસ્વરૂપ વાકયના પુષ્પોનો દ્વાર આપને અર્પણ કરી દીધો. ભક્તિ એ પુરુષાર્થનું પરિણામ નથી માત્ર ભગવાનની કૃપાનુ જ પરિણામ છે.

શ્લોક-૩૨

સમસ્ત પૃથ્વીને કાગળ બનાવી, કાળા પર્વતને સમુદ્રમાં ઓગાળી તેની શાહી બનાવવામાં આવે. કલ્પવૃક્ષની ડાળીની કલમ બનાવવામાં આવે અને સાક્ષાત સરસ્વતિજી લખવા આવે અને કાલ પર્યત લખવા રહે તો પણ આપના ગુણોનો પાર આવે તેમ નથી, અને આપના ગુણોને સમસ્ત શાસ્ત્રો પણ બતાવી શક્યા નથી. પ્રભુ સ્વયં પણ પોતાના ગુણોને બતાવી શકતા નથી.

શ્લોક-૩૩

જેમની જટામાં ચંદ્ર છે તેવા ચંદ્રશેખર જેની સુર, અસુર અને મોટા મુનિઓ દ્વારા અર્ચના-પૂજન કરવામાં આવે છે. જેમનો મહિમા સમસ્ત શાસ્ત્રો ગાય છે તેવા નિર્ગુણ અને સગુણ ઈશ્વરપણ છે. તેવા મહાદેવનું આ સ્તોત્ર સર્વગુણોમાં શ્રેષ્ઠ પુષ્પદંતજી નામના ગાંધર્વરાજે મોટા મોટા શ્લોક દ્વારા રચના કરી.

શ્લોક-૩૪

ધૂર્જટી એવા સદાશીવનુ સ્તોત્ર જે કોઈપણ જેમાં કોઈપણ પ્રકારનો દોષ રહેલો નથી એવા સ્તોત્રનું જે મનુષ્ય શુદ્ધચિત્તથી ભક્તિપૂર્વક ગાન કરે તો તે શિવલોકમાં રૂદ્રસમાન સારૂપ્યમૂર્તિ બની રહે છે. પ્રચુર ધન પ્રાપ્ત રે છે. આયુષ્ય અને પુત્રોને પ્રાપ્ત કરે છે. કિર્તિ પ્રસિદ્ધિ પ્રાપ્ત કરે છે.

શ્લોક-૩૫ થી ૪૨

મહાદેવને છઓડીને કોઈ શ્રેષ્ઠ દેવ નથી જે પંચાક્ષર મંત્રનો જય કરે પંચાક્ષર મંત્રને શાસ્ત્રમાં અઘોર મંત્ર તરીકે કહેવામાં આવે છે. આ મંત્ર શ્રેષ્ઠ છે. ગુરુથી બીજુ કોઈ શ્રેષ્ઠ તત્વ નથી. દિક્ષા, દાન, તપ, તિર્થયાત્રા યજ્ઞયાગાદિ કરીએ તો પમ શિવ મહિમ્ન અને આ બધુ સમાન પૂણ્ય પ્રદાન કરનાર છે. ભૂત પિશાયને દૂર કરનાર છે. સ્વર્ગ અને મોક્ષ માટેના રેતુભૂત એવા આ અનન્ય સ્તોત્રને અનન્ય ભાવે ભજવુ જોઈએ.

જે આ સ્તોત્રને કંઠસ્થ કરી ભગવાનની લીલા તથા બિગ્રહોનુ પઠન સ્થિર થઈ એકાગ્ર ચિત્તે કરે તેની ઉપર સર્વભૂતોના પતિ મહેશ્વર પ્રસન્ન થઈ જાય છે.

આ સ્તોત્રનુ ગાન કરતાં કોઈ અક્ષર, માત્રા, શબ્દનો લોપ થઈ ગયો હોય તો પ્રભુ ક્ષમા કરશો.

'ઈતિ શિવમહિમ્ન સ્તોત્રમ્'

# બાલ વિજ્ઞાન પરિષદનાં બાળકોને તાલીમ આપનાર શિક્ષકોનો ૨૪મીએ સેમિનાર

ગાંધીનગર, તા. ૨૬

સત્ય શોધક સભા, સુરત અને એનસીએસસી, દિલ્હીના સંયુક્ત ઉપક્રમે બાલ વિજ્ઞાન પરિષદમાં ભાગ લેવા ઈચ્છતા બાળકોને તૈયાર કરવા માટે શિક્ષક તાલીમ શિબિરનું ૨૪મી ઓગષ્ટ ૨૦૧૨ના રોજ સવારે ૯ કલાકે તપોવન સંસ્કારપીઠ વિદ્યાલય, અમિયાપુર ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

બાલ વિજ્ઞાન પરિષદના બાળકોને તાલીમ આપવા શિક્ષકોનો સેમિનાર ૨૪મી ઓગષ્ટે અમિયાપુર તપોવન સંસ્કારપીઠ ખાતે યોજાશે. સેમિનારમાં સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી રાજેન્દ્રભાઈ શાહ, માનદ્ નિયામક મંગળભાઈ શાહ, શાળાના આચાર્ય ડૉ. દીપકભાઈ પટેલ, નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સૅન્ટરના અનિલભાઈ પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી, સાયન્સ સિટીના સલાહકાર અને વિવિધ શાળાના આચાર્યો અને શિક્ષકગણ ઉપસ્થિત રહેશે.

બાલવિજ્ઞાન પરિષદમાં ૧૦થી ૧૭ વર્ષની વય જૂથના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. ઊર્જાને અનુલક્ષી તેનું સંશોધન, સનિયંત્રણ અને સંરક્ષણ વિષય ઉપર લઘુશોધ નિબંધ રજૂ કરવા માટે માર્ગદર્શન આપશે.

# જે એમ ચૌધરી પ્રાથમિક શાળામાં વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૯

અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત જે એમ ચૌધરી કન્યા સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયમાં ડૉ. વિક્રમ સારાભાઈના જન્મદિન નિમિત્તે ભારતના વૈજ્ઞાનિકો વિષય ઉપર વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી.

વક્તૃત્વ સ્પર્ધામાં ધોરણ-૬થી ૮ના વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ ભારતના વૈજ્ઞાનિકો જગદીશચંદ્ર બોઝા, ત્રિભુવનદાસ ગજ્જર, અબ્દુલ કલામ, સર વી. વી. રામન, ડૉ. વિક્રમ સારાભાઈ વગેરેની વૈજ્ઞાનિક સંશોધનાત્મક વિગતોને બાળકોએ પોતાના વક્તવ્યમાં વણી લીધી હતી. સમગ્ર સ્પર્ધામાં પ્રથમ નંબરે કોમલ દોષી, દ્વિતિય નંબરે દિશાંગ ભાવસાર અને તૃતિય નંબરે હર્ષ પટેલ, મિહિર વૈદ્યે વિજેતા ક્રમ હાંસલ કર્યો હતો. નિર્ણાયક તરીકે મીનાબેન દવે અને શીતલબેન ચૌધરીએ નિસ્પક્ષ સેવા આપી હતી. આયોજન ક્રિષ્ણાબેન ચૌધરી અને ગીતાબેન પટેલે સુંદર રીતે કર્યું હતું.

# ચૌધરી મહિલા કૉલેજમાં યુવા માર્ગદર્શન સૅમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના સૅક્ટર-૭માં સ્થિત પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં તાજેતરમાં કૉલેજના ઉદિશા સેલ અંતર્ગત યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષાનું માર્ગદર્શન આપતો સેમિનાર યોજાયો હતો. જેમાં ૨૫૦ જેટલી વિદ્યાર્થીનીઓએ રસપૂર્વક ભાગ લીધો હતો.

સેમિનારમાં ઉપસ્થિત રહેલી બહેનોને અમીતભાઈ પટેલે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કેવી રીતે કરવી તે અંગેનું જરૂરી માર્ગદર્શન પોતાના વક્તવ્યમાં આપ્યું હતું.

કૉલેજના આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ વિદ્યાર્થીનીઓને કેરિયર અંગે સજાગ બનવા માટે સમજૂતી આપી હતી.



સેક્ટર-૨૨ સ્થિત સ્થાનકવાસી જૈન ઉપાશ્રયમાં પર્વધિરાજ પર્યુષણની શાનદાર ઉજવણી થઈ રહી છે. સ્થાનકવાસી જૈનો તપ-ત્યાગ અને દાનથી આ મહામૂલા પર્વની ઉજવણી કરી રહ્યા છે. રવિવારે બપોરે સમૂહ સામાયિક સહિત નેમ-રાજુલનાં યુગલ જાપ યોજાયા હતા. જેમાં મોટી સંખ્યામાં શ્રાવક યુગલો જોડાયાં હતાં. (તસવીર : કમલેશ શાહ)

# આજે આપણે પૂર્ણ વર્તમાનકાળ શીખીએ

## ever, never, just, just now, since, for, already, still, yet, so far, recently વગેરે પૂર્ણ વર્તમાનકાળ દર્શાવે

॥ પાંચમો મણકો ॥

મિત્રો, આજે આપણે પૂર્ણ વર્તમાનકાળ શીખીએ.

સૌ પ્રથમ તેના ઉપયોગો જાણીએ.

૧) થોડા સમય પહેલાં થયેલી ક્રિયા વર્ણવવા માટે :
e.g. Sita has just taken her breakfast.

૨) ભૂતકાળમાં ક્રિયા ક્યારે બની તેનો સમય નિશ્ચિત ન હોય ત્યારે :
e.g. I have visited Agra.

૩) ભૂતકાળના બનાવોની અસર વર્તમાનમાં દર્શાવવા માટે :
e.g. I have completed my work.

૪) ભૂતકાળમાં અમુક વખતે બનેલી ક્રિયા વર્તમાનમાં ચાલુ હોય ત્યારે :
e.g. Rita has been ill since last month.

૫) જ્યારે ક્રિયાનો સમય નક્કી હોય ત્યારે ન વપરાય.
e.g. I have passed the exam last year.

**યાદ રાખો :**

ever, never, just, just now, since, for, already, still, yet, so far, recently વગેરે પૂર્ણ વર્તમાનકાળ દર્શાવે.

**રચના :**

have/has + ભૂતકૃદંત = પૂર્ણ વર્તમાનકાળ

I, We, You, They સાથે have વપરાય. He, Shr, It સાથે has વપરાય.

હવે આપણે પૂર્ણ વર્તમાનકાળના હકાર રૂપો શીખીએ.

To sing = ગાવું

| Singular | Plural |
|---|---|
| I have sung a song.<br>મેં ગીત ગાયું છે. | We have sung a song.<br>અમે ગીત ગાયું છે. |
| You have sung a song. | You have sung a song. |
| He has sung a song. | They have sung a song. |
| She has sung a song. | |
| It has sung a song. | |

**આવો અંગ્રેજી શીખીએ**
- ચેતના બુચ

મિત્રો, હવે તમે ટેવાઈ ગયા હશો માટે આપણે પ્રથમ પુરુષના રૂપનું જ ગુજરાતી લખીશું.

● આવી જ રીતે have અને has પછી not મૂકીને નકારના રૂપો બનાવાય.

● પૂર્ણ વર્તમાનકાળ શીખવા માટે ક્રિયાપદના ભૂતકૃદંત આવડવા ફરજિયાત છે. દા.ત. કેટલાક રૂપોના ભૂતકૃદંત જોઈએ.

| મૂળરૂપ | ભૂતકાળ | ભૂતકૃદંત |
|---|---|---|
| go | went | gone |
| speak | spoke | spoken |
| teach | taught | taught |
| play | played | played |
| sing | sung | sung |
| cut | cut | cut |

નોંધ- કેટલાક રૂપો ત્રણેયમાં એકસરખાં જ રહે છે.
e.g. cut

**પરિચયાત્મક શબ્દો**

સંગીત Music (મ્યુઝીક)
શરણાઈ Clarinet (ક્લેરિનેટ)
ઢોલકું Tabor (ટેબર)
શંખ Conch (કોન્ચ)
ખંજરી Tambourine (ટેમ્બરીન)
ઝાલર Gong (ગોન્ગ)

# મા, તારી જિંદગીની કુરબાની આગળ મારી નિવૃત્તિ કુરબાન છે


**સંબંધ સજાવે જિંદગી**

**જનની સ્વર્ગથી અદકેરી**

- પોપટલાલ એસ. પ્રજાપતિ
gsrelation@yahoo.com

મા મોંઘી મિરાત છે. જીવતાં એની અવગણના કરનાર એના મર્યા પછી અફસોસ કરે તો એ નર્યો દંભ છે. માની મમતા અને કરુણાનું મૂલ્ય ચૂકવવા આખી જિંદગી ઓછી પડે, પમ આ વાત સમજનારા દીકરાઓ કેટલા ? માને વૃધ્ધાશ્રમમાં મૂકી આવનાર દીકરાઓ જિંદગીનું સાચું સુખ ક્યારેય માણી શકતા નથી. પણ આપણે એવા સુપુત્રની વાત કરવી છે જેણે માતાની સેવા કરવા માટે પોતાની નિવૃત્તિ કુરબાન કરી દીધી. એ સુપુત્રના શબ્દો છે, 'જે માએ અમારા ઘડતર માટે પોતાની જિંદગી કુરબાન કરી તે માને મારી નિવૃત્તિ કુરબાન છે.' કળિયુગના આ શ્રવણની માતૃપ્રેમની કહાની તેમના જ શબ્દોમાં પ્રસ્તુત છે.

મારી માતાએ માનસિક સમતુલા ગુમાવી છે, તેને શારીરિક ક્રિયાઓનું પણ ભાન નથી. ગમે ત્યાં ઝાડો-પેશાબ કરી નાખે છે. એના હાથમાં જે આવે તે સીધું મોઢામાં મુકી દે છે. કાંકરા, કાગળ, જીવજંતુ બધું જ... ઘરમાં કબાટ ખોલી કપડાં બહાર ફેંકી દે. ટીવીને ધક્કો મારી નીચે પાડી દે છે, એકવાર ફિનાઈલની બૉટલ હાથમાં આવતાં ગટગટાવી ગઈ, તરત દવાખાને લઈ જવી પડી. ખાવા-પીવાની કંઈ સમજણ પડતી નથી. ટાઈમ થાય એટલે અમારે પરાણે ખવડાવવી પડે. આખો દિવસ બબડાટ કર્યા કરે. હું તેનો દીકરો છું તેની તેને ખબર જ



નથી. કાઈવાર મને ભાઈ કહે, કોઈવાર ભાણિયો તો કોઈવાર ભત્રીજો. મારી પત્નીને પણ ઓળખતી નથી. મારો પુત્ર તેની પાસે જાય તો ગમે તે સંબોધન કરી નાખે. હા, દરેકને માન આપે. કોઈને કદિ અપશબ્દો બોલે નહીં. એકવાર અડધી રાત્રે અમે ભરનીંદરમાં હતા અને ઘરમાં મોટો અવાજ થતાં જાગી ગયા તો તેણે ઘઉંનું પીપ ઊંધું પાડી દીધેલું. અને તેના માથામાંથી લોહીની ધાર વહી જતી હતી પણ એને જરાય વેદના નહોતી થતી. અમે રાત્રે તેને દવાખાને લઈ ગયા અને તેના માથામાં ચારેક ટાંકા આવેલા. માની માનસિક હાલત જોઈ અત્યંત દુખ થાય છે. અને મુકીને ક્યાંય જઈ શકતા નથી. એના પ્રત્યે અત્યંત કરુણા ઉપજે છે, પણ એનો કોઈ ઈલાજ નથી. હું જાણું છું કે કેવા કપરા સંજોગોમાં એણે અમને ઉછેરીને મોટા કર્યા છે. સતત સંઘર્ષ કરતાં-કરતાં માંડ સુખનું કિરણ ફૂટ્યું કે ૫૧મા (૧૯૭૮) વર્ષે તે વિધવા બની. બસ ત્યારથી જાણે તે ખોવાયેલી રહે છે. એની આંખોમાં ડોકાતી કરુણા હું ન સમજી શકું તેવો નાદાન તો નથી જ. એની જબાન ખામોશ છે પણ મુંગી વેદના ઘણું બધું કહી દે છે... અને માટે જ મારી નિવૃત્તિ મેં માને સમર્પિત કરી દીધી છે. કોઈ પ્રવાસ નહિ, કોઈ જાત્રા નહિ. ઘરમાં જ મંદિર અને ઘરમાં જ ગોકુળ. માતૃત્વનું ઋણ ચૂકવવાની તક મળી છે. આ તક મારે ગુમાવવી નથી. કુદરત કદાચ અમારી પરીક્ષા કરતી હોય તો એ પરીક્ષામાં મારે ફુલ્લી પાસ થવું છે...'

નથી લાગતું કે જે ભારતીય સંસ્કૃતિ માટે આપણે ગૌરવ લઈએ છીએ એ સંસ્કૃતિનું જતન તો આવા ખૂણે ખાંચરે ટમટમતા માટીના કોડિયા જ કરી રહ્યા છે ? 'ભાઈલો મારો ડાહ્યો ને પાટલે બેસી નાહ્યો' ગાઈ ભઈલાને હેતથી નવડાવતી માતાને જીવનની સંધ્યાએ વિકટ સંજોગોમાં મુકાવું પડે ત્યારે કેટલા દીકરાઓ એટલા જ હેતથી નવડાવી શકે ? દીકરાના બાળોતિયા અડધી રાતે ઊઠીને બદલતી માતા માટે રાતોના ઉજાગરા કરવાની કેટલા દીકરાઓ તૈયારી બતાવશે ? પણ હા, આવો દીકરો ગાંધીનગરમાં છે, પણ તે માટે તમારે સેક્ટર-૨ બી, પ્લોટ નં. ૧૯૫/૧માં રહેતા ભુલાભાઈ શંકરલાલ પ્રજાપતિને મળવું પડે. ખૂબ સરળ



પ્રકૃતિ અને ભગવાનથી ડરીને ચાલનાર માણસ. તેઓ ગાંધીનગર જિલ્લાના ઉનાવા ગામના વતની અને ૨૦૦૭માં સરકારી પ્રેસમાંથી સુપરવાઈઝર તરીકે નિવૃત્તિ પામ્યા છે. તેમના પરીવારમાં બે દીકરા અને એક દીકરી છે. તેમના પત્ની પણ ખૂબ ભલા અને ભોળા મનના છે. તેમના દાંપત્યજીવનમાં ડોકિયું કરો તો તમારે કબૂલવું જ પડે કે ભુલાભાઈ એટલે નખશિખ સજ્જન અને ભગવાનનો માણસ. મોટો દીકરો કૌશિક હાલ ઑસ્ટ્રેલિયા છે પણ તેના દીકરાને ગાંધીનગર સ્વામિનારાયણ ધામ ખાતે ગુરુકુળમાં ભણવા મુક્યો છે. તેની ફિલોસૉફી એવી છે કે વિદેશમાં કમાવા જ જવાય. ઈન્ડિયન કલ્ચર સાથેનો નાતો તોડાય નહિ. બે-પાંચ વર્ષ કમાઈને તે ઈન્ડિયામાં જ સ્થાયી થવાનો છે. બીજો દીકરો અશ્વિન પ્રાથમિક શિક્ષક તરીકે નોકરી કરે છે, તેને પણ દાદીની સેવા કરવામાં અનેરો આનંદ આવે છે.

જિંદગીભર માત આપે જ છે, કદી બદલાની અપેક્ષા રાખતી નથી. પણ તેના વિકટ સંજોગોમાં જે દીકરો પોતાનો ધર્મ ચૂકે તે ઈશ્વરનો ગુનેગાર બને છે. પતિ-પત્ની અને દીકરો મન મૂકીને માની સેવા કરે છે, પણ માને તો આની કંઈ ખબર જ નથી, એની દુનિયા નિરાળી છે. કદાચ એવું ન હોય કે ૮૫ વર્ષે મા મુંગી રહીને પણ દીકરાના લેખાજોખા કરી રહી હોય ? ભગવાન જાણે...